ગાંધીનગર એટલે નીલગાયનું રહેઠાણ...કાયમ હરિયાળા લાગતા આ નગરમાં નીલગાયને ફાવી ગયુ છે. ટ્રાફિક વિનાનું શાંત નગર અને માનવતાભર્યા વસાહતીઓની હૂંફ વચ્ચે નીલગાય ખૂબ જ આરામથી હરતી-ફરતી જોવા મળી જાય છે. સેક્ટર-૫-ડી માં એક નીલગાયનું બચ્ચુ શ્રમિક પરિવારને નોંધારૂ મળી આવ્યુ હતુ. નીલગાયના માસુમ બચ્ચાંનો કૂતરા શિકાર કરે તે પહેલા જ તેને બચાવી લેવાયુ હતુ. જીવદયાપ્રેમી રીટાબેન પટેલે નીલગાયના બચ્ચા માટે દૂધની વ્યવસ્થા કરી હતી. વસાહતીઓની હૂંફ નીલગાયના બચ્ચાંને જીવાડવા માટે મદદરૂપ થઈ રહી છે.

ટ્રક બગડતા સુઈ રહેલા કંડકટર પર અન્ય ટ્રકના પૈંડા ફરી વળતા સારવાર દરમિયાન કંડકટરનું મૃત્યુ

ભાટ અમુલડેરી પાછળ કોટેશ્વર તરફ જતા માર્ગ પરની ઘટના, માટી ખાલી કરવા જતા આઈવા ટ્રકનું હાઈડ્રોલીક તુટી જતા ટ્રક પલ્ટી મારી ગઈ હતી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના ભાટ અમુલ ડેરી પાછળના ભાગે આઈવા ટ્રકના ચાલકે પુરઝડપે અને બેદરકારીથી ટ્રક રીવર્સ લેતા સુઈ રહેલા આધેડના પગ પરથી આઈવા ટ્રકના તોંતિગ ટાયર ફરી વળતા આધેડને ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ ગયા હતા. જયાં સારવાર દરમિયાન ઈજાગ્રસ્ત આધેડનું મૃત્યું નિપજયું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કપડવંજના ધોળાકુવા કોસમ ગામના ધર્મેશ ઝાલા આઈવા ટ્રક નં. જી.જે.૨૪.વી.-૮૯૮૪ માં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. જયારે ટ્રકમાં કંડકટર તરીકે મહેસાણા જિલ્લાના ભાકડીયા ગામના જાલમસિંહ વિરમજી મકવાણા નોકરી કરતા હતા. ગઈ તા.૩૧ ઓગસ્ટના રોજ અમદાવાદ એરપોર્ટ નજીક થી ટ્રકમાં માટી ભરી હતી. જયારે ટ્રક લઈને ધર્મેશ અને જાલમસિંહ બંને ભાટ અમુલ ડેરી પાછળ કોટેશ્વર જતા રોડની સાઈડમાં માટી ખાલી કરવા માટે ગયા હતા. ત્યારે સાંજના સમયે ટ્રકનો હાઈડ્રોલીક જેક ઉંચો કરવા છતા ભાગી જતા ટ્રક પલ્ટી મારી ગયો હતો. રાત પડી જતા અને ટ્રક ચાલી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી ડ્રાઈવર-કંડકટર ટ્રકની બાજુમાં સુઈ ગયા હતા. જયારે બીજા દિવસે વહેલી સવારે પાંચ વાગે ધર્મેશ અચાનક ઢસડાતા તે જાગી જતા એકદમ ખસી ગયો હતો. ત્યારે ડમ્પર ચાલક પણ તેની ટ્રકમાં માટી ભરી ખાલી કરવા માટે આવ્યો હતો. તે સમયે જી.જે.૦૫.બી.વી.-૨૪૪૩ ટ્રકના ચાલકે ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા ટ્રકનુ આગળનું ટાયર સુઈ રહેલા કંડકટર જાલમસિંહના બંને પગ પર ફરી વળતા કંડકટરના પગને ગંભીર ઈજા પહોંચી હતી.જયારે ધર્મેશે બુમાબુમ કરતા તેણે ટ્રકને ઉભી રખાવી હતી. જયારે જાલમસિંહના બે પગ પરથી ટ્રાયર ફરી વળતા ગંભીર ઈજા પહોંચી હતી. ટ્રક ચાલકને આગળ જતા અટકાવ્યો હતો. જયારે ઈજાગ્રસ્તને સારવાર માટે લઈ જતા બુમાબુમ કરી મુકી હતી. ત્યારે કંડકટર જાલમસિંહનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે ધર્મેશે પોલીસ મથકે ટ્રક ચાલક રણજીત ઓડ સામે ફરીયાદ નોંધાવી છે.

ખૂણેખાંચરેથી

● ૧૧ સપ્ટેમ્બરથી આસામના અધિકારીઓની ટીમ ગુજરાતમાં પોષણ અભિયાન સહિત મહિલા બાળ વિકાસ વિભાગની પ્રવૃત્તિઓના અભ્યાસ માટે આવી રહી છે.

● ચૂંટણી પંચે આજે મતદાર જાગૃત્તિ અભિયાન અને મતદાર નોંધણી અભિયાનને લઈ વિડીયો કોન્ફરન્સથી જિલ્લાઓ સાથે સમીક્ષા કરી હતી.

● રાજયના રમત-ગમત વિભાગના સચિવે ૩૬મી નેશનલ ગેમ્સને લઈ આજે સાંજે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.

● ગાંધીનગર જિલ્લામાં પી.એમ. કિસાન સન્માન નિધિના લાભાર્થીઓની ડેટા એન્ટ્રીની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

● રાજયના શહેરી વિકાસ વિભાગે ૪ પ્રવર નગર નિયોજકની બદલી કરી છે તો ૬૪ જેટલા પ્લાનીંગ આસિટન્ટને જુનિયર નગર નિયોજક તરીકે બઢતી આપતા હુકમો કર્યા છે.

● અમિયાપુર પ્રા. શાળામાં સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયુ હતુ.

● નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લાની શાળાઓ માટે સાયન્સ સેમિનારનું આયોજન કરાયુ હતુ. આ સેમિનારમાં ૨૬ બાળકોએ ભાગ લીધો હતો.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૧૭૬ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

● દહેગામના ધારીસણાથી પગપાળા સંઘમાં ગયેલ યુવાનનું નદીમાં ડુબી જવાથી મોત થયુ છે.

● બિન સચિવાલય ક્લાર્કની સીપીટી પરીક્ષાના વિવાદને લઈ ત્રણ દિવસથી ઉમેદવારો ન્યાય માટે ધરણા કરી રહ્યા છે પણ તેમની રજુઆત કોઈ સાંભળતુ નથી.

● કર્મયોગી ભવન ખાતે આજે અનંત ચર્તુદશીના દિવસે ગણપતિ બાપાનું વિસર્જન કરવામાં આવ્યુ હતુ.

કુમાર વિનય મંદિરમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૯

ગૂજરાત હિંદી-હિંદુસ્તાની પ્રચાર સમિતિ, હિંદીભવન, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ આયોજિત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન ગૂજરાત કુમાર વિનય મંદિરના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું. જેમાં સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ હિંદી દિવસનું મહત્વ, રાજભાષા હિંદી, હિંદીભાષાના વિકાસમાં ગૂજરાત વિદ્યાપીઠનો ફાળો જેવા વિષયો ઉપર પોતાનાં મંતવ્યો જણાવ્યાં હતાં. જેમાં પ્રથમ વિજેતા કિંજલ સોલંકી, બીજા વિજેતા ધ્વનિત પંચાલ અને ત્રીજા વિજેતા ચિરાગ પરમાર રહ્યા હતા. આ સભાના અધ્યક્ષસ્થાને હિંદીભવનના નિયામક પ્રા. રમેશભાઈ મ. પટેલ ઉપસ્થિત રહી સ્પર્ધકો તેમજ સભાજનોને હિંદી ભાષાના પ્રચાર-પ્રસારને વેગ આપવા હિંદી ભાષાની પરીક્ષાઓ જેવી કે બાલપોથી, પહેલી, દૂસરી, તીસરી, વિનિત અને સેવક સુધીની પરીક્ષાઓ પ્રત્યેક વિદ્યાર્થીઓએ આપવી જોઈએ તેવું આહવાન કર્યુ. કાર્યક્રમનું આભાર દર્શન ડૉ. હેમંત ઓઝાએ કર્યુ. સ્પર્ધાના નિર્ણાયક તરીકે રમેશભાઈ વસાવા અને નિધિબેન કડિયાએ કામગીરી કરી અંતે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાગ્યલક્ષ્મીબેને કર્યું.

ગાંધીનગર ઘુંઘટ હોટલ પાસે બ્રેઝા કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરની ઘુંઘટ હોટલ પાસેથી વિદેશી દારૂ ભરેલી બ્રેઝા કારને એલસીબી-૨ પોલીસે પકડી પાડી છે. રાજસ્થાન થી દારૂ ભરેલી કાર કોબા ખાતે પહોંચાડવાની હતી. પોલીસે કાર સાથે બે શખ્સોની અટકાયત કરી છે. જયારે કારમાં તપાસ કરતા ૧૮૦ એમએલની ૯૧૨ બોટલ પોલીસને મળી આવી હતી. પોલીસે દારૂ, મોબાઈલ અને કાર મળી કુલ રૂ.૬ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ ના પોલીસ જવાનો પેથાપુર વિસ્તારમાં રાત્રી પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન ઘુંઘટ હોટલ પાસે આવતા બાતમી મળી હતી કે રાજસ્થાન થી દારૂ ભરેલી કાર લઈને બે શખ્સો કોબા ખાતે જવાના છે. જેથી બાતમીને પગલે એલસીબી પોલીસે ફાટક પાસે વોચ ગોઠવી દીધી હતી. ત્યારે પોલીસ વોચમાં ઉભી હોવાની ગંધ આવી જતા બાતમીવાળી કાર ફાટક પાસે ઉભી રહી ગઈ હતી અને તેમાંથી બે વ્યકિતો ઉતરીને દોડવા લાગ્યા હતા. પહેલા થી તૈયારી સાથે ઉભી રહેલી ટીમના જવાનોએ બંન્ને જણાને પકડી પાડ્યા હતા.

પોલીસે નામ પુછતા તુલસીરામ માનારામજી ડાંગી(રહે.નઉવા ગામ, તા.માવલી, જી.ઉદેપુર) અને વરદીચંદ તુલી ડાંગી હોવાનું સામે આવ્યું હતું. જયારે દારૂ ભરેલી કાર લઈ કોબા ખાતે પહોંચીને મોબાઈલ ફોન કરવાનો હતો. પોલીસે ગાડીમાં તપાસ કરતા વિદેશી દારૂની ૧૮૦ એમએલની ૯૧૨ બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે દારૂ નંગ-૯૧૨ બોટલ રૂ.૯૫,૭૬૦, મોબાઈલ નંગ-૩ કિં.૧૦,૦૦૦ તેમજ કાર કિં.રૂ.૫ લાખ મળી કુલ રૂ.૬,૦૫,૭૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સોને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઇંગ્લીશ મીડીયમ સ્કુલ માં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી.

ગાંધીનગર, તા.૯

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઇંગ્લીશ મીડીયમ સ્કુલ માં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. ૫ સપ્ટેમ્બરનો દિવસ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ અને શિક્ષકોનું સન્માન કરવાનો દિવસ છે.વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઇંગ્લીશ મીડીયમ સ્કુલ ના વિદ્યાર્થીઓ એ પણ શિક્ષક બની અને અલગ-અલગ વર્ગો માં અલગ-અલગ વિષયો લઈ બાળકોને સારી રીતે ભણાવ્યા હતા. પોતાની આગવી શૈલી માં વિદ્યાર્થીઓએ ક્લાસ લીધા હતા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોને પુષ્પગુચ્છ તથા કાર્ડ આપી શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. અને બનેલા શિક્ષકોએ પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા.

હોમ સાયન્સ ડિપાર્ટમેન્ટ સાદરા દ્વરા શતાબ્દીવ્યાખ્યાન માળાનું આયોજન કરાયું

ગાંધીનગર,તા.૦૯

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા આયોજિત શતાબ્દી વ્યાખ્યાન માળા અંતર્ગત પૂર્વ કુલપતિ નવલભાઈ શાહ ની સ્મૃતિમાં શતાબ્દી વ્યાખ્યાન માળાનું આઠમું વ્યાખ્યાન હોમ સાયંસ ડીપાર્ટમેન્ટ સાદરા દ્વારા યોજવામાં આવ્યું હતું .જેના મુખ્ય વક્તા ડો.ઉષાબેન કુલકર્ણી એ ''સંપૂર્ણ જીવનચક્ર મેં પોષણ ઓર સ્વાસ્થ્ય કા મહત્વ '' વિષય પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું,જેમાં તેઓ એ પોષણની સાથે સાથે અલગ અલગ અવસ્થા અને જુદા જદા સમાજ માં પોષણ ની શું સ્થિતિ છે તેની અને તેના ઉપાયની વાત પણ આવરી લીધી હતી .ગૃહ વિજ્ઞાનના વિભાગીય અધ્યક્ષ શ્રી ઉષાબેને પ્રાસંગિક ઉબોધનમાં આ કાર્યક્રમનો હાર્દ સમજાવતા નવલભાઈ શાહ વિષે વાત કરી હતી. અધ્યક્ષીય ઉદબોધન ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી ડૉ.રાજેન્દ્રભાઈ ખીમાણીએ કર્યું અને વિદ્યાર્થી મિત્રો ને આશીર્વાદ પાઠવ્યા. કાર્યક્રમ નું સંચાલન ડૉ.જયશ્રીબેન મહેતા એ કર્યું હતું, જયારે સમગ્ર કાર્યક્રમની આભારવિધિ ડૉ.પારુલ સાધુ એ કરી હતી

મોડીરાત્રે સેક્ટર ૩-૪ના કટ પાસે બે ગ્રુપ વચ્ચે મારામારી

ગાંધીનગર, તા.૯

શહેરના સેકટર-૩-૪ ના કટ પાસે ગઈરાત્રીના સમયે અસામાજીક તત્વો વચ્ચે મારામારી થઈ હતી. બે ગ્રુપના યુવાનોએ ચપ્પા અને ધોકા વડે એકબીજા પર હુમલો કરતા રાત્રીના સમયે હોહા મચી જવા પામી હતી. જયારે આ ઝઘડામાં એક ગાડીનો કાચ પણ તુટી ગયો હતો. જયારે મારામારીમાં ત્રણ જેટલા યુવકોને ઈજા પણ પહોંચી હોવાનું સામે આવ્યું છે. સેકટર-૩ એ અરીહંત કોમ્પ્લેક્ષમાં શિવ ફાસ્ટફુડના કારીગર સાથે પૈસા અંગે અગાઉ થયેલી માથાકુટની અદાવતમાં ઝગડો થયો હતો. જયારે બંન્ને પક્ષે સામસામે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૪ એ પ્લોટ નં.૨૦૪ ખાતે રહેતા મહેશ પ્રહલાદભાઈ નાયી, મયુર પ્રહલાદભાઈ નાયી તેમજ તેનો મિત્ર કુલદીપ પરમાર સેકટર-૩-૪ ની ચોકડી પાસે ઉભા હતા. તે સમયે હિરેન ભરતભાઈ સોલંકી, તેનો ભાઈ બ્રિજેશ ભરત સોલંકી અને વિપુલ પ્રવિણ સોલંકી હોન્ડા સીવીક કાર નં. જી.જે. ૦૬. સી.બી.-૧૧૪૦ લઈને આવ્યા હતા. તે સમયે કુલદીપને કહ્યુ હતુ કે તમે દાદા થઈ ગયા છો, અમારા કારીગર સાથે કેમ માથાકુટ કરો છો, તેમ કહી ગાડીમાંથી લાકડી તેમજ ચપ્પું કાઢી બોલાચાલી કરી ગાળો બોલી ઝઘડો કર્યો હતો. ત્યારે મયુર અને મહેશ વચ્ચે પડીને કુલદીપને છોડાવ્યો હતો. તે સમયે ત્રણેય શખ્સોએ ઉશ્કેરાઈ જઈને લાકડી અને છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. જેથી બંને પક્ષે મારામારી થતા સ્થાનિક વસાહતીઓમાં પણ ભય ફેલાયો હતો. બનાવ અંગે મહેશ નાયી એ ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જયારે સામે પક્ષે હિરેન સોલંકીએ નોંધાવેલી ફરીયાદ મુજબ કુલદીપ પરમાર તેમજ મહેશ નાયી અને મયુર નાયી એ સેકટર-૩ ખાતે આવેલી શિવ ફાસ્ટફુડના કારીગર સાથે પૈસા અંગે માથાકુટ કરી હતી. ત્યારબાદ પણ તેઓ કારીગરને ફોન કરી હેરાન કરતા હતા. જેથી હિરેન સોલંકીએ કુલદીપને ફોન કરી હેરાન ન કરવા જણાવ્યું હતું. કુલદીપે સેકટર-૩-૪ ની ચોકડી પાસે મહેશ નાયી અને મયુર નાયીને મળવા માટે કહ્યું હતું. જેથી ગાડી લઈ હિરેન, બ્રિજેશ અને વિપુલ ત્યાં ગયા હતા. ત્યારે કારીગર સાથે માથાકુટ અંગે પુછતા ઉશ્કેરાઈ જઈ મહેશ નાયીએ છરી કાઢી હિરેનને કપાળ તેમજ નાકના ભાગે મારી દીધી હતી. જયારે બ્રિજેશ વચ્ચે પડતા તેને પણ હાથે છરી મારી હતી. ત્યારે રાત્રીના સમયે સેકટર-૩ માં રોડ પર બે પક્ષ વચ્ચે છરી અને ધોકા વડે મારામારી અને ગાળાગાળી કરી ઉગ્ર બોલાચાલી થતા નાગરીકોમાં ભય ફેલાયો હતો. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.જયારે સામે પક્ષે હિરેન સોલંકીએ નોંધાવેલી ફરીયાદ મુજબ કુલદીપ પરમાર તેમજ મહેશ નાયી અને મયુર નાયી એ સેકટર-૩ ખાતે આવેલી શિવ ફાસ્ટફુડના કારીગર સાથે પૈસા અંગે માથાકુટ કરી હતી. ત્યારબાદ પણ તેઓ કારીગરને ફોન કરી હેરાન કરતા હતા. જેથી હિરેન સોલંકીએ કુલદીપને ફોન કરી હેરાન ન કરવા જણાવ્યું હતું. કુલદીપે સેકટર-૩-૪ ની ચોકડી પાસે મહેશ નાયી અને મયુર નાયીને મળવા માટે કહ્યું હતું. જેથી ગાડી લઈ હિરેન, બ્રિજેશ અને વિપુલ ત્યાં ગયા હતા. ત્યારે કારીગર સાથે માથાકુટ અંગે પુછતા ઉશ્કેરાઈ જઈ મહેશ નાયીએ છરી કાઢી હિરેનને કપાળ તેમજ નાકના ભાગે મારી દીધી હતી. જયારે બ્રિજેશ વચ્ચે પડતા તેને પણ હાથે છરી મારી હતી. ત્યારે રાત્રીના સમયે સેકટર-૩ માં રોડ પર બે પક્ષ વચ્ચે છરી અને ધોકા વડે મારામારી અને ગાળાગાળી કરી ઉગ્ર બોલાચાલી થતા નાગરીકોમાં ભય ફેલાયો હતો. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સેકટર-૨ સી સાર્વનજીક ગણેશ મહોત્સવ સમિતિના સભ્યો દ્વારા ઘ-૨ સોડાની લારી ચલાવતા મહેન્દ્રકાકા (સોડાવાળા) નું સન્માન કર્યું હતું. જયારે ગણેશ મહોત્સવ દરમિયા યોજાયેલ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના વિજેતા ૫ ખેલાડીઓને મહેન્દ્રકાકા તરફથી રૂ.૫૦૦ નું રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. તે ઉપરાંત વર્ષોથી ગણેશ મહોત્સવનું સુંદર આયોજન કરતી સમિતિના તમામ સભ્યોનું મહેન્દ્રકાકા દ્વારા પુષ્પગુંચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભાદરવા સુદ એકમથી ભાદરવા નોમ સુધી રામદેવ પીરના નોરતાથી ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. દર વર્ષે ચિલોડા બ્રહ્માણીમાતાજીના મંદિર પાસે આવેલુ શ્રદ્ધાના પ્રતિક સમા બાબા રામદેવપીરના મંદિરે જય બાબારી ગ્રુપ અને દ્વારકાધીશ ગ્રુપ દ્વારા રંગેચંગે ભક્તિભાવથી નેજાનો ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. નોમના દિવસે બાબા રામદેવ પીરની નેજા રામજી મંદિરથી નીકળી ગામના મુખ્ય ચોકથી રામદેવ પીરના મંદિરે વાજતે ગાજતે અબીલગુલાલ સાથે સૌ સથવારે ભવ્ય શોભાયાત્રારૂપે યુવાનો, મહિલાઓ, ગ્રામજનોએ નેજા ચઢાવવા ડી.જે.ના તાલે ગામના પ્રવેશદ્વારેથી પ્રસ્થાન કરી રામદેવના મંદિરે પૂજા-અર્ચના કરી મંદિરના શિખર પર શ્રદ્ધાપૂર્વક નેજા ચઢાવ્યા હતા.

રખડતા કૂતરાઓ અને રખડતી ગાયોની સમસ્યાથી શહેરને જાણે છૂટકારો મળતો નથી. કોર્પોરેશન દ્વારા અનેક યોજનાઓ બનાવી આ સમસ્યાને નાથવાના પ્રયાસો થઈ રહ્યા છે. કૂતરાઓના ત્રાસની ફરીયાદો વધુ છે તેવા સેક્ટરોમાં ડોગવાન ફરી રહી છે અને આ કામગીરીને વેગવાન બનાવી રહી છે.

સહજાનનંદ સ્કુલ ઓફ એચીવરની યાના ચૌધરીને કરાટેમાં રાષ્ટ્રીય સ્થળે બ્રોન્ઝ

ગાંધીનગર,તા.૦૯

તારીખ ૨૬ થઈ ૨૯ હરિયાણઆ ખઆતે કુરુક્ષેઠત્રમાં યોજાયેલ ત્રીજી રાશ્ટ્રીય કરાટે ચેમ્પીયનશીપ ૨૦૨૨-૨૩ સમગ્ર ગુજરાતમાં સહજાનંદ સ્કુલ ઓફ એચીવરની વિદ્યાર્થીની યાત્રા ચૌધરી એ બ્રોન્ઝ મેડલ મેળવી સ્કુલનું ગૌરવ વધાર્યુ છે. આ ઉપરાંત પણ સ્કલુ ના ૪ વિદ્યાર્થીઓ એ (જાગ્રત પટેલ, સાકત બંસોડે, માનવીર જયસ્વાલ અને તર્ક પટેલ) સમગ્ર ગુજરાતમાં આ ચેમ્પીયનશીપમાં ભાગ લેવા માટે પસંદગી થઈ હતી. આ રીતે આગળ છે જ તેમજ ખેલ કુદ માં પણ ખુબ જ આગળ છે. સંસ્થાના તમામ બાળકોને તૈયાર કરનાર કોચ શ્રી સુરેશ પરમારને સંસ્થા ના આચાર્ય અને ટ્રસ્ટીઓએ આભાર માન્યો હતો અને બ્રોન્ઝ મેળવનાર યાના ચોધરી ને અને તેમાં ભઆગ લેનાર વિદ્યાર્થીઓ ને અભિનંદન પાઠવ્યા હતા.

સચિવાલય આંતર વિભાગીય વક્તૃત્વ સ્પર્ધા સંપન્ન

ગાંધીનગર,તા.૦૯

ટસરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પ્રતિવર્ષ કર્મયોગી મિત્રોની આંતરવિભાગીય વક્તૃત્વ સ્પર્ધામાં અલગ અલગ વિષયો ઉપર કર્મયોગીઓ તેમના વિચારો પ્રસ્તુત કરે છે. વર્ષ ૨૦૨૨-૨૩ની આંતર વિભાગીય વક્તૃત્વ સ્પર્ધામાં સેટ સ્પીચ સેકશનમાં શ્રી સચિન જોષી પ્રથમ, ઉર્મિલાબહેન ઝણકાટ દ્વિતીય અને જિજ્ઞેશ કુંપાવત તૃતીય સ્થાન પર આવ્યા છે. જ્યારે હેટ સ્પીચ સેકશનમાં પ્રથમ ક્રમે શ્રી સચિન જોષી, દ્વિતીય ક્રમે શ્રી લલિત પરમાર અને તૃતીય ક્રમે ઉર્મિલાબહેન ઝણકાટ વિજેતા થયા હતા. એ ભારત મને ગમે છે, હઝારો ખ્વાઈશે એસી, માનવ ઈતિહાસ અને સંસ્કૃતિ, આર્થિક મંદી-ઈતિહાસ, સંભાવના અને અસરો, વન નેશન વન ઈલેકશન, અધિકારી તરીકેની વહિવટી સજ્જતા, મને અરીસો ન બતાવો, મારી ઓળખ મારા વિચારો, એક ભારત શ્રેષ્ઠ ભારત, મોબાઈલ ફોન-સુવિધા કે સમશ્યા ? શેરી રમતો અને આજનુ બાળપણ જેવા રસપ્રદ વિષયો ઉપર કર્મયોગીઓએ એમના વિચારો રજુ કર્યા હતાં. વક્તૃત્વ સ્પર્ધાના આયોજનમાં પાયાનો ભાગ ભજવતા સામાન્ય વહિવટ વિભાગના અધિક સચિવ શ્રી જવલંતભાઈ ત્રિવેદી અન્ય કાર્યમાં રોકાયેલા હતા પરંતુ તેમણે દુરવાણી ઉપર કર્મચારીઓમાં પડેલી શક્તિઓને બહાર લાવવા માટેના આ પ્રકારના રાજ્ય સરકારના કાર્યક્રમો અંગે એવુ મંતવ્ય આપ્યું હતું કે, કર્મચારીઓને વધુ સામર્થ્યવાન બનાવવા માટે વક્તૃત્વ સ્પર્ધા જેવી રાજ્ય સરકારની પ્રવૃત્તિઓ મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. નાયબ સચિવ અને સ્પર્ધાના નિર્ણાયક શ્રી કલ્પેશભાઈ ભટ્ટે અભિવ્યક્તિ માટે વક્તૃત્વ કલાના મહત્વપૂર્ણ પાસાઓને ઉજાગર કર્યા હતાં. સચિવ ગુજરાત પ્રેસ અકાદમી અને સ્પર્ધાના બીજા નિર્ણાયક શ્રી પુલકભાઈ ત્રિવેદીએ કુશળ વકતા બનવા માટેના અગત્યના પાસાઓની તથા વાંચન અને વિચારોના સંકલન અંગેની કર્મયોગી મિત્રોને સુપેરે જાણકારી આપી હતી. સામાન્ય વહીવટ વિભાગના શ્રી મિતેષભાઈ પટેલ, શ્રી જિજ્ઞેશભાઈ ચૌધરી સહિત કર્મયોગી મિત્રો વક્તૃત્વ સ્પર્ધામાં ઉપસ્થિત રહી પ્રતિયોગીતામાં ભાગ લેનારા દરેક સભ્યોનો ઉત્સાહ વધાર્યો હતો.

ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ - ૨૦૨૨-૨૩
બીજો પ્રયત્ન
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર નંબર	કામનું નામ	ટેન્ડર ફી	ઈ.એમ.ડી.
૫૪/૨૦૨૨-૨૩	Construction of winding orad railway to K Road at Vavol in GMC area. Gandhinagar.	રૂ. ૩૬૦૦/-	રૂ. ૨,૬૧,૨૦૦/-

ટેન્ડર ફોર્મ તા. ૧૨/૯/૨૦૨૨ થી તા. ૨૬/૯/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.
ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૨૭/૯/૨૦૨૨ થી ૩/૧૦/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળે હશે તે જ ખોલવામાં આવશે.
ઓનલાઈન ઓપનીંગ તા. ૪/૧૦/૨૨૨ સમય ૧૨.૦૦ પછી કરવામાં આવશે.
સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર
માહિતી/૧૩૩૦/૨૨-૨૩